

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ઉત્સવો, મેળા ને ભક્તિના નશામાં છે પ્રજા,*
*દીવા-સ્વપ્નો થશે સાકાર, આશામાં છે પ્રજા,*
*સાણસામાં છે પ્રજા, આ એકહથ્થુ સત્તાના -*
*સીમાડે સુરક્ષા 'દ્વિધા'ની દિશામાં છે પ્રજા !*

### હાઈકુ

*સરકારો છે*
*સમય કાઢવાની -*
*વેતરણમાં...*
*(તપાસ સમિતિના કોઠા)*

*વિકાસ ટ્રેન*
*દોડે ખોટા નિર્ણયે*
*ઉતરે પાટા...*
*(રોજ નવી નોટ!!)*

### ચિંતન

*મનઃ પ્રકાશસંમોહ સ્વપ્નડચ્ય વિવર્જિતઃ ।*
*દશાં કામ્ અપિ સંપ્રાપ્તો ભવેત ગલિત માનસઃ ॥*

ઉપરોક્ત શ્લોક શાંતિશતકમાંથી લેવામાં આવેલ છે.

જેનું મન ગળી ગયું છે, તેમજ જેને કર્મ, મોહ, સ્વપ્ન, જડતા મનથી સમાપ્ત થઈ ગયા છે. તે પુરુષ કેવી અવર્ણનીય દશા પ્રાપ્ત કરે છે.

મન ગળી ગયું, એટલે કે કોઈ મનોવૃત્તિ જ નહીં, આશા, ઈચ્છા, આકાંક્ષા, તૃષ્ણા, વાસના, જે કહો તે કાંઈ ન રહ્યું. અ-મની દશા થઈ ગઈ. અહીં કહે છે, તેવા જ્ઞાની ને પછી મનથી બધું જ સમાપ્ત જ છે. કર્મ કહેતા નથી. કારણ કે કર્તવ્યભાવ નથી. કોઈ મોહ નથી. મોહ, માયા, મમતા પણ મનમાં જ કારણો છે. મન ન હોય તો એ પણ ન હોય, નથી સ્વપ્ન કે નથી જડતા. સ્વપ્નો પણ વિચારોની જ પ્રતિછાયા છે. ચેતન મન કે અચેતન મનમાં જે રહેલું છે તે સ્વપ્નરુપે બહાર આવે છે. જ્યારે આત્મા જાગૃત થઈ જાય અને કર્મયોગમાં તાટસ્થ્ય આવી જાય ત્યારે તે સ્થિતિને જ મોક્ષ કહેવાય.

### સુવિચાર

- ધ્યાન હોય ત્યાં 'ઈગોઈઝમ' ના હોય અને 'ઈગોઈઝમ' હોય ત્યાં ધ્યાન ન હોય - **આપ્તસૂત્ર**
- શંકા એક ક્ષણ પણ ના થાય, એનું નામ આત્મા - **એસ. ભટ્ટાચાર્ય**
- સ્વયં ને એ રીતે જોવો, જાણે તમારો સૌથી મોટો દુશ્મન જોતો હોય,
  આ રીતે તમે પોતાના સૌથી મોટા દોસ્ત બની જશો? - **જેરમી ટેલર**
- આપણી આળશ્યકતાઓ તો ઓછી હોય છે, પણ અપેક્ષાઓ અનંત છે - **જીવનસૂત્ર**
- બાળક સાથે સફળતાપૂર્વક કામ પાડવાનું રહસ્ય એના વડીલ ન બનવામાં રહેલું છે - **સંત જ્યોર્જ**
- જીવન એ કારણ અને કાર્યને લગતું શાશ્વત શિક્ષણ છે - **એમર્સન**
- આજનું ઔષધ : સીતાફળ ખાવાથી ઊલટી મટે છે અને અરુચિનો પણ નાશ થાય છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

સંત હજરત ઈબ્રાહિમ સંત બન્યા પહેલા તેઓ શહેનશાહ હતા. શહેનશાહ પાસે એક ગુલામ ચાકર તરીકે હતો. ગુલામ અને શહેનશાહ વચ્ચે આવો કંઈક સંવાદ થયો. શહેરશાહે પૂછ્યું, 'તારું નામ શું?' ગુલામ 'આપ મને જે ગમે તે નામથી બોલાવી શકશો.'

શહેનશાહ, 'તું અહીંયા કેવા કામ કરી શકીશ ?'

ગુલામ 'આપ કહેશે તો કામ કરવા હું કોશિશ કરીશ.'

શહેનશાહ 'રહીશ કયાં?' ગુલામ 'આપ રાખશો ત્યાં,' 'ખાઈશ શું ?' 'આપ ખવડાવશો તે', 'પહેરીશ શું ?' જે આપશો તે પહેરીશ' શહેનશાહ ઈબ્રાહીમને આ ગુલામ પાગલ લાગ્યો. દરેક બાબતમાં એનો એક જ જવાબ હતો. 'આપ કહેશો તેમ કહીશ.' ઈબ્રાહીમે અકળાઈને પૂછ્યું, 'આખરે તારી મુરાદ શી છે ? તને શું ઈચ્છા છે ??'

ગુલામે વિવેકથી કહ્યું, 'મહારાજ, હું તો એક ગુલામ છું ને મારા જેવા નાચીજ ગુલામને ભેટી પડતા બોલ્યા, 'ભાઈ, તું મારો ગુલામ નથી, તું મારો ગુરુ છે ! ખુદાતાલાનો સાચો સેવક કેવો હોવો જોઈએ એ મને આજે તારી પાસેથી જાણવા મળ્યું.'

# વડિલોની સલામતી અનિવાર્ય છે

**તંત્રીસ્થાનેથી...**

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા સુરેન્દ્રભાઈ પટેલના સંબંધીનું એમના જ બંગલામાં ખૂન થયું છે અને ખૂનીનો ઈરાદો લૂંટનો નથી, તે ઘટના આપણો સમાજ સલામત ગણાતા ભદ્ર વિસ્તારોમાં પણ કેવી અસુરક્ષિત હાલતમાં ફસાયેલો છે એનો પ્રત્યક્ષ પુરાવો છે. વરિષ્ઠ નાગરિકોને સામાન્ય રીતે ધંધાકીય હરીફાઈ નથી હોતી. દિવંગત વડીલ તો ૯૩ વર્ષ વટાવી ચૂક્યા હતા, ત્યારે સ્વાભાવિક છે કે એમને આવી કોઈ પળોજણ ન જ હોય. વળી તેઓ યોગ અભ્યાસી હતા એથી માનસિક સ્વાસ્થ્ય પણ સારું જ હોય. એમને મારી નાખવા સુધીનું કાવતરું કરવા પાછળ કયાં કારણો હતા એ તો પોલીસ શોધી કાઢે ત્યારે ખરું, પણ આ જૈફ વયે એમના જીવનનો આવો કરુણ અંત આવ્યો તે કમકમાટી ઉપજાવે તેવી ઘટના છે. વરિષ્ઠ નાગરિકોને સલામતી કવચ પૂરું પાડવાની પ્રાથમિક જવાબદારી પરિવારની ગણાય. એ દૃષ્ટિએ મરનારનાં કુટુંબીજનોએ પોતાની સાથે જ રહેલા વડીલ માટે તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવી હોઈ શંકાની સોય કદાચ જાણભેદુ નોકર ચાકર કે કામવાળા ભણી ઈશારો કરતી લાગે. પરંતુ કશી ચોરી નથી થઈ તે સૂચક છે. આખી ઘટના રહસ્યમય લાગે છે. થોડા વખત અગાઉ સરખેજ-ગાંધીનગર હાઈવેની ગોરબંધ હોટલ આગળથી નવનીત પ્રકાશનના ડિરેક્ટરનું અપહરણ કરાયું હતું અને પાછળથી એમની લાશ મળી આવી હતી. એમાં તો સંસ્થાના જ કર્મચારીનું કાવતરું બહાર આવ્યું હતું. ખંડણીના આશયથી કરાયેલ અપહરણમાં મરનાર નવીનભાઈ શાહે અપહરણકારો સાથે ઝપાઝપી કરતાં એમનું ગળું દબાવી દેવાયું હતું. એથી ઊલટું આ કેસમાં તો મધરાત પછી ઘરમાં ઘૂસીને હત્યા કરાયેલ છે, જેને 'કોલ્ડ બલ્ડેડ મર્ડર' કહી શકાય એવો આ બનાવ લાગે છે. બનવાજોગ કે સુરેન્દ્ર કાકા કહે છે એમ કોઈ જાણભેદુ જ આમાં સંડોવાયેલ હોય, કદાચ એના તાણાવાળા કુટુંબની જ કોઈ વ્યક્તિ સાથે જોડાયેલા હોય. આ બધો તપાસનો વિષય છે અને તેનો જયારે ત્યારે ઘટસ્ફોટ થઈને જ રહેશે. ગાંધીનગરના ડૉ. ભાવેની પત્નીની હત્યાનું રહસ્ય વર્ષો સુધી ઉકેલી શકાયું નથી એ પણ નોંધવું રહ્યું. આવી ઘટનાઓ આપણી કથળતી જતી સમાજવ્યવસ્થાનો નિર્દેશ કરે છે. એમાં પણ જયારે ૯૩ વર્ષના વયોવૃદ્ધ વડીલના જીવનનો આવો ક્રૂર અંજામ આવે ત્યારે કહેવાતા ભદ્ર સમાજ વરિષ્ઠ નાગરિકો પ્રત્યે કેટલી બેદરકારી સેવે છે, એ સમજી શકાય એમ છે. વય વટાવી ચૂકેલા અને જીવનસાથી ગુમાવી ચૂકેલા વરિષ્ઠ નાગરિકો પરિવારની પાછળી પેઢીના આશ્રયે જીવવા મજબૂર બની જતા હોય છે. પરિવાર માટે એમની હયાતી એ ગૌરવનો વિષય બની રહે છે પરંતુ એ જ પરિવારને કયારેક વડીલની અમુક-તમુક જુનવાણી રીતરસમતો સામે છૂપો આક્રોશ પણ રહેતો હોય છે. જો કે એથી વડીલ સદસ્યની સલામતી જોખમાય એવું જવલ્લે જ બનતું હોય છે. પ્રબુદ્ધ નાગરિકોએ અને રાજય સરકારે આવા એકલા પડી ગયેલા વરિષ્ઠ નાગરિકોની સુરક્ષાના મુદ્દે ગંભીર પણ વિચારવિમર્શ કરી નિયમિત સમયાંતરે એમને મળતી સુવિધા અને એમને નડતરરૂપ લાગતી બાબતોનું અવલોકન હાથ ધરવું જોઈએ. જો એવું નહીં થાય તો આવી ઘટનાઓનું પુનરાવર્તન થતું જ રહેશે અને નિર્દોષ વડીલોનાં મોત બગડતાં રહેશે. સુધરેલા સમાજ માટે અને ગુજરાત જેવા શાંત પ્રદેશ માટે આવી ઘટનાઓ શરમજનક જ ગણાવી જોઈએ.

# ઇન્સ્ટટ ટ્રીપલ તલાક રદ પરંતુ સહીયત મુજબ ત્રણ તલાક નિયમ તથા હલાલામાં કોઈ જ ફેરફાર નહી



**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

તાજેતરમાં સુપ્રિમ કોર્ટે ત્રિપલ તલાકનો ઐતિહાસીક ચુકાદો આપી ૧૪૦૦ વર્ષ જુની મુસ્લીમ પરંપરાને બંધ કરાવી છે જે માત્ર ઈન્સ્ટટ એટલે કે ત્શ્રણ વખત તલાક બોલી પત્નીને તરછોડી દેવામાં આવતી હતી તે હવે બંધ થશે પરંતુ મુસ્લીમના સહીયતના નિયમ મુજબ ત્રણ માસમાં ત્રણ વખત માસીક ધર્મ બાદ સ્ત્રીને પિત દ્વારા તલાક આપવામાં આવે તો આ નિયમમાં કોઈ જ પ્રતિબંધ સુપ્રિમ કોર્ટે ફરમાવ્યો નથી.

કેટલાક કિસ્સામાં ફોન ઉપર, મેઈલ દ્વારા પત્ર દ્વારા તથા રૂબરૂમાં ત્રણ વખત તલાક બોલી પત્નીના કાયદેસરના હક્ક, અધિકાર ઉપર નિયંત્રણ મુકી પરછોડી દેવામાં આવતી હતી જેનાથી મુસ્લીમ સ્ત્રીઓનું શોષણ થતું અને અમાનવીય અત્યાચાર ગુજારતા ભરણપોષણના હક્કથી તથા મીલ્કતમાંથી વંચીત કરવામાં આવતી.

પવિત્ર કુરાન કે શહીયતના કાયદામાં નિયમોમાં કયાય ઈન્સ્ટટ તલાકને સ્થાન નથી આ પ્રથા શરૂઆતથી જ અમાનવીય અને ગેરબંધારણીય છે. પાંચ ધર્મના ન્યાયમૂર્તિઓની બેંચે આ ગેરકાયદેસરના કાયદાને રદબાતલ જાહેર કરી મુસ્લીમ મહિલાઓને ન્યાય અપાવ્યો છે જેમાં કુરાનના નિયમો આયાતોનો કાયદો વણી લઈ ૩૯૫ પાનાનો ઐતિહાસીક ચુકાદો જાહેર કરેલ છે જેનાથી મુલ્લાઓ, ઈમામો તથા ધર્મ ગુરૂઓ ઉશ્કેરાઈ ગયા છે પરંતુ પવિત્ર કુરાનના મુળભુત સિધ્ધાંતો અને ઈસ્લામીક કાયદા સહીયતના ભંગ સમાન આ પ્રથા આવા ધર્મ ગુરૂઓ, ઈમામો, મુલ્લાઓએ જ પ્રતિબંધીત કરવાની જરૂર હતી જે ના કરતા કોર્ટે ચુકાદો આપવો પડયો છે હવેની ટેકનોલોજી જાણતી ભણેલી ગણેલી મુસ્લીમ મહિલાઓ પોતાના ઉપર જુલમ કે અમાવિય વર્તન સહન કરે તેમ નથી આ સમયની માંગ છે તેવું મુલ્લાઓ, ઈમામો, ધર્મ ગુરૂઓએ સમજી ૧૪૦૦ વર્ષથી કરાતા શોષણના અંતને વધાવી લેવો જોઈએ.

મહિલાઓને ગુલામીમાંથી બહાર લાવવાનો આ સદીનો સર્વોચ્ચ ઐતિહાસીક ફેંસલાને તમામ મુસ્લીમ ધર્મ ગુરૂએ સ્વીકારવો જ રહ્યો પરંતુ હજુ પણ ત્રણ માસીક ધર્મની અંદર ત્રણ માસમાં તલાક આપવાની કુપ્રથા પણ બંધ જ કરવી જોઈએ સુપ્રિમ કોર્ટે સહીયત તથા કુરાનના આ નિયમમાં કોઈ જ ફેરફાર કરેલ નથી જેનો લાભ એકથી વધારે નિકાહ કરવાવાળા તથા સ્ત્રીઓનું શોષણ કરનાર લેશે તેમાં કોઈ જ શંકા નથી.

આઝાદી પહેલા રાજા રજવાડાના સમયમાં પણ આ કુપ્રથા બંધ કરવાની માંગ ઉભી થયેલ શેઠ કાસમ ઉસ્માને મુસ્લીમ મહિલાઓના અધિકાર બાબતે આવજ ઉઠાવી દિવાની ઠરાવ રજી.નં. ૪૨ થી ભાવનગર સ્ટેટમા નોંધાયેલ પરંતુ તે સમયે સ્ત્રીઓને જાહેરમાં બોલવાની આઝાદી ન હોતી શિક્ષણનો અભાવ હતો તથા પડદાપ્રથાનું ચુસ્ત રીતે પાલન થતા જાહેરમાં ત્રિપલ તલાક વિરૂધ્ધ કોઈ જ મુસ્લીમ મહિલાઓએ અવાજ ઉઠાવલ નહી તેથી મહારાજ કૃષ્ણકુમાર સિંહની ધારાસભામાં કેસ બંધ કરવામાં આવેલો મુસ્લીમ પર્સનલ લૉના નિયમનો ભંગ ગણી આ કેસ દફતરે કરવામાં આવેલ અને મુસ્લીમ મહિલાઓનોઅવાજ ત્યારબાદ દબાવી દેવામાં આવેલ.

ત્રણ માસીક ધર્મ બાદ તલાક આપવાનો સહીયતનો નિયમ ચાલુ છે તેવા સંજોગોમાં પરણિત સ્ત્રીના ત્રણ માસીક ધર્મના વચ્ચે ત્રણ વખત તલાક બોલી સ્ત્રીને તલાક આપવામાં આવે છે અને ત્યારબાદ જો પતિ પત્ની વચ્ચે ત્રણ માસનો સમય મળતા વિચાર બદલાય અને સમાધાન કરવાનો ઉમદા આશય છુપાયેલ પરંતુ ત્રણ માસ પછી તલાક આપ્યાબાદ ફરીથી એજ પતિ પત્નીને ભેગા થવું હોય રી મેરેજ કરવા હોય તો સ્ત્રીએ અન્ય પુરૂષ સાથે નિકાહ પછી લગ્નજીવન ભોગવ્યા બાદ જ તે પુરૂષ દ્વારા તલાક મેળવી પ્રથમ પતિ સાથે ફરીથી લગ્ન કરી શકે છે આ નિયમને સહીયતમાં હલાલા તરીકે ઓળખવામાં આવ્યો છે જેમાં પણ સ્ત્રીના શોષણની જ હકિકત છે પરંતુ સુપ્રિમ કોર્ટે આ વિવાદમાં પડયા સીવાય માત્ર ઈન્સ્ટટ તલાક ઉપર જ પ્રતિબંધ મુકી પોતાની જવાબદારી પુરી કરીછે આમ જોવા જઈએ તો કાયદાનો અમલકરવાનું તથા નવા કાયદા ઘડવાનું કામ બંધારણ મુજબ સરકારનું છે પરંતુ મતોના તૃષ્ટીકરણમાં કોઈ એક કોમની લાગણી દુભાવી મત ઓછા કરવા કોઈપણ રાજકિય પક્ષની સરકાર તૈયાર જતી નથી અને સરકારનું કામ સુપ્રિમ કોર્ટ દ્વારા કરાવવા માંગે છે તે સ્પષ્ટ થાય છે.

**અનુસંધાન પાના નં. ૭ પર**

# એટલી નૈતિક હિંમત કયાં છે કે શત્રુ બની બરબાદ કરે, 'ઘાયલ' મોટે ભાગે માનવ મિત્ર બનીને લૂંટે છે!



**WhatsApp ઓફ ધી વીક**
**નેહલ ગઢવી**

'એટલી નૈતિક હિંમત કયાં છે કે શત્રુ બની બરબાદ કરે
'ઘાયલ' મોટે ભાગે માનવ મિત્ર બનીને લૂંટે છે!'

- અમૃત 'ઘાયલ'

આજના આ યુગમાં બધા જ એકબીજાને મોઢા પર સારું-સારું બોલી પાછળથી ભૂંડું કરનારા બન્યા છે. બધા જ એવા હોય તેમ નથી પણ ખરેખર ખોટી પ્રશંસા કરનારો વર્ગ ખૂબ વ્યાપક બન્યો છે. અન્ય એક વર્ગ પોતાની જાતથી આગળ ન વધી જેમ ચાલે છે તેમ ચાલવા દેવું એ પ્રકારનો પણ છે. સાચું કહીને દુશ્મન બની બેસનાર આખેઆખો વર્ગ જ જાણે ગાયબ છે. તેમાંય ધર્મગુરુ બનીને લોકોને ધૂતવાનો જે નવો વ્યવસાય વિકસ્યો છે તે ખરેખર ધૃણાજનક બાબત છે. આ બાબત ઉંધઈની જેમ છાના ખૂણે સમાજને સાવ જ ખોખલો અને નબળો કરી મૂકે છે. ધર્મના રક્ષક અને પોતાની જાતને ઈશ્વરની સમકક્ષ ગણાવનારા આ પ્રકારના ધર્મગુરુથી સમાજને અને આવનારી પેઢીને જાગૃત કરવાની આજે તાતી જરૂર વર્તાઈ રહી છે. અને આ માટે આપણે આપણા બાળકોને ઈતિહાસના અને ધર્મગ્રંથોના ઉદાહરણ સાથે એક સાચો ધર્મરક્ષક કેવો હોવો જોઈએ તેની સમજ કરાવીએ અને એથીયે વિશેષ એક ધર્મગુરુ આવો તો ન જ હોઈ શકે તેવી ઓળખ કરાવીએ તે જરૂરી છે.

તોલ્સતોયની આ કથા આ બાબતને ખૂબ સુંદર રીતે સમજાવે છે :

ત્રણ ગમાર જેવા માણસોને આસપાસના ગ્રામજનો સંત માને છે, એ જાણી વડા ધર્મગુરુને ક્રોધ આવે છે. એ નૌકામાં બેસી; આ ત્રણ જણા જયાં રહેતા હતા એ ટાપુ પર જાય છે.પેલા ધર્મગુરુનાં ચરણોમાં પડીને કહે છે : 'અમારાં ધનભાગ્ય, આવા ગુરુ અમારે આંગણે આવ્યા.' ધર્મગુરુ એમને પૂછે છે, 'બાપજી, અમે તો ગમાર છીએ.' ધર્મગુરુ પૂછે છે : 'તમે કઈ પ્રાર્થના કરો છો?' ત્રણે સંકોચમાં પડી જાય છે. ભણ્યા નથી. અમે તો હાથ જોડીને એટલું કહીએ છીએ કે, હે ભગવાન સૌનું, ભલું કરજો.' ધર્મગુરુ ગુસ્સે થઈને કહે : 'આવી વાહિયાત્ પ્રાર્થના તે કરાતી હશે ?' અને 'બાઈબલ'માંથી મોટી પ્રાર્થના એમને શીખવે છે. ચાર-છ વખત બોલીને ત્રણેય મોટી પ્રાર્થના એમને શીખવે છે. ચાર-છ વખત બોલીને ત્રણેય એ પ્રાર્થના ગોખી કાઢે છે. લેભાગુ સંતોને રસ્તો બતાવ્યો, એમ માની ધર્મગુરુ પોતાની નૌકામાં પાછા ફરતા હોય છે, ત્યાં બૂમ સંભળાય છે : 'બાપજી, જરા થોભજો !' ધર્મગુરુ જુએ છે તો પેલા ત્રણે માણસો દરિયાના પાણી પર સડસડાટ ચાલતા આવી રહ્યા છે. નૌકા પર ચડી, ગુરુને પ્રણામ કરીને ત્રણે બોલ્યા : 'બાપજી, પેલી પ્રાર્થના અમે ભૂલી ગયા. હજી એકવાર શીખવાડશો?' ધર્મગુરુને એ સંતોની કોટીનો ખ્યાલ આવે છે. ત્રણેના પગે પડીને એ કહે છે : 'તમે કરતા હતા એ જ સાચી પ્રાર્થના છે.'

આપણો આ દેશ તો ત્યાગ અને કરૂણાની પરંપરાને અનુસરતો આવ્યો છે. એમાં આ ધર્મગુરુઓની લેભાગુ પ્રવૃત્તિઓને સ્થાન જ શી રીતે અપાય? અમુભાઈ પંડ્યા લખે છે તેમ : 'ભારતમાં તો ત્યાગીઓએ જ ઈતિહાસને ભવ્યતા અર્પી છે. બુદ્ધ અને મહાવીર, શંકરાચાર્ય અને નાનકથી ગાંધીજી સુધી અનેકોએ ત્યાગીઓની એક નવી દુનિયા ઊભી કરી દીધી હતી. દેવોને પોતાનાં હાડ ભેટ ધરનાર દધીચિ, કર્ણ, રતિદેવ કે મયુરધ્વજના ત્યાગમાં કેવી વીરતા હતી !' દર પાંચ વરસે ગરીબોમાં રાજલક્ષ્મી લૂંટાવી દઈને ગરીબ બનવામાં હર્ષવર્ધન ગૌરવ અનુભવતો. દિલ્હીપતિ નાદિર શાહની બેગમની આંગળીઓ રોટલી શેકતાં દાઝી જાય, પણ રાજ-તિજોરીમાં ખર્ચ નાખીને તે રસોયો ન રાખે.' આ પ્રકારના ધર્મગુરુઓ કે રાજકારણીઓની આપણા દેશની પરંપરાને અનુસરવાનો સમય આવી ચૂક્યો છે.

રીડર્સ ડાઈજેસ્ટમાંની એક અંગ્રેજી વાર્તાનો ભાવાનુવાદ અત્રે રજૂ કરું છું :

દેવદૂત અને સાંઈ

નાના એવા સંત હતા. લાંબી અને સુખી આવરદા ભોગવી ચૂક્યા હતા. આશ્રમના રસોડામાં બેઠાં બેઠાં એક દિવસ ઠામવાસણ માંજતા હતા, ત્યાં આસમાનમાંથી દેવદૂત આવ્યો. 'ભગવાને મને મોકલ્યો છે,' દૂત બોલ્યો. 'સ્વર્ગમાં તમારું સ્થાન ગ્રહણ કરવાનો સમય હવે આવી ગયો છે.'

'મારા પ્રભુએ મને સંભાર્યો તીના સાટુ એનો પારાવાર પાડ માનું.' સંત બોલ્યા. 'પણ આંય કણે તો તમે જુઓ છો ને.બાપલા, - ઠામવાસણનો આ મોટો ખડકલો હજી ઊટકવાનો પડ્યો છે. મને નગુણો માનતા નહીં, મારા વાલીડા - પણ આટલો એઠવાડ કાઢી લઉં પછી તમ સંગાથે સ્વર્ગમાં આવું, તો હાલશે?'

ફિરસ્તાઓને વરેલી શાણી ને સ્નેહભરી નજરે દેવદૂતે સંતને ઘડીભર નિહાળ્યા. પછી 'ઠીક ત્યારે,' કહીને એ અંતરધ્યાન થઈ ગયો.

સંત તો એઠવાડ કાઢવાનાં ને બીજાં કેટલાંય કામ એક પછી એક આટોપતા ચાલ્યા. એમાં એક દિવસ બગીચામાં એ નીંદામણ કરતા હતા ત્યાં, વળી પાછો દેવદૂત આવીને ઊભો રહ્યો, હાથમાં ખરપડી વડે સંતે એને બાગની બધી કયારીઓ ચીંધાડી : 'જોયું ને, આ કેટલું નિંદામણ હજી બાકી છે! સ્વર્ગમાં આવવાનું હજી લગરીક પાછું ઠેલાય, તો વાંધો નહિ આવે ને, વીરા ?' ફિરસ્તાએ સ્મિત વેર્યુ, અને વળી એ અદશ્ય થયો. સંતનું નિંદામણ અંતે પૂરું થયું, એટલે પછી એ પીંછડો લઈને ગમાણને ધોળવા બેઠા... એમ એક એક કામ પૂરું થાય, ત્યાં બીજાં બે પર એમની નજર પડતી રહે. દિવસો કયાં વયા જાય છે એની ખબર ન પડે... એમાં એક દિવસે એ દવાખાને રોગીઓની માવજત કરતા હતા. તાવલેલા એક દરદીને શીતલ જળ પાઈને એ ઊભા થાય છે, ત્યાં તો પરમેશ્વરનો ખેપિયો સામે ઊભેલો જોયો.

આ વેળા તો કશું બોલને બદલે થાકેલા સંતે માત્ર પોતાના મસ્તકે હાથ મૂક્યો. કરુણાભરેલી એમની આંખોએ ચોમેર પડેલાં રોગગ્રસ્ત નરનારીઓની ઉપર ફિરસ્તાનાં ચક્ષુઓને ફેરવ્યાં... એક હરફ પણ ઉચ્ચાર્યા વગર દેવદૂત ગાયબ થઈ ગયો. દિવસ આથમ્યા પછી સંત પોતાની કુટિરમાં પાછા ફર્યા, એક સાદગી પર આડા પડ્યા ત્યારે એને પેલા ફિરસ્તાના અને વારંવાર પોતે એને કરેલા વાયદાઓના વિચાર આવવા લાગ્યા. એકાએક, કેટલાંય વરસોનો બુઢાપો ને થાક એને આજ વરતાવા લાગ્યા, અને એ ગણગણયા : 'હે મારા રામ! તારા ખેપિયાને હવે તારે પાછો મોકલવો હોય, તો મને લાગે છે કે એની સાથે ચાલી નીકળવાને હવે હું તૈયાર થઈ ગયો છું...'

એમનાં વેણ પૂરાં થયાં - ન - થયાં ત્યાં તો અંતરીક્ષમાંથી ઊતરીને દેવદૂત એમની સન્મુખ ઊભેલો દેખાયો. 'ભાઈ, હજીયે જો તારે મને લઈ જવાનો મોખ હોય,' સંત હળવે સાદે બોલ્યા, 'તો સ્વર્ગમાં મારા ઠામે બેસવાની હવે મારી તૈયારી છે.'


ફિરસ્તાઓની એ જ શાણી ને સ્નેહભરી દૃષ્ટિ કરીને દેવદૂતે એ નાના સંતને વળી પાછા નિહાળ્યા, ને એ બોલ્યો, 'ત્યારે અત્યાર લગી તમે બીજે કયાં હતા, સાંઈ?'

**Last seen :**

સ્વેચ્છાએ સ્વીકારેલી આવી ગરીબાઈ એ રાષ્ટ્રની આજની આવશ્યકતા છે, એ પાઠ આવા ગૌરવવંતા પ્રસંગો મારફત આપણી નવી પેઢીને ભણાવીએ.

*- nehalgadhavi101@gmail.com*

# દેશવ્યાપી બૉમ્બ વિસ્ફોટોની સચ્ચાઈ શોધવાનો પડકાર



**અતિતની આજ**
**ડૉ. હરિ દેસાઈ**

- સંઘના લોકો વિરુદ્ધ સજ્જડ પુરાવા હોવાનું કહેનાર ગૃહસચિવ હવે છે ભાજપી સાંસદ !
- ડાંગના શબરીકુંભવાળા અસીમાનંદ, સાધ્વી પ્રજ્ઞા અને હવે કર્નલ પુરોહિતને જામીન
- કેન્દ્રના ગૃહમંત્રી સુશીલકુમાર શિંદેના ભગવા આતંકવાદના ભાંગરાએ કૉંગ્રેસને ડૂબાડી
- ઈન્દ્રેશજીની તમામને નિર્દોષ જાહેર કરવાની માગણી, પણ જવાબદારોને શોધશે કોણ ?

બહુચર્ચિત માલેગાંવ બૉમ્બ વિસ્ફોટ સહિતના ખટલાઓમાં ત્રણેક ડઝન સાક્ષીઓ અદાલતમાં ફરી જતાં ભારતની સર્વોચ્ચ અદાલતે નવ વર્ષ પછી લૅફ્ટનન્ટ કર્નલ શ્રીકાંત પુરોહિતને જેલમાંથી જામીન પર છોડવાનો આદેશ આપ્યો અને એ ફરી ફરજ પર હાજર થશે. ભારતથી લાહોર જતી સમજૌતા ઍક્સપ્રેસમાં ૨૮ ફેબ્રુઆરી ૨૦૦૭ના રોજ વિસ્ફોટ થયો અને ૬૮ લોકો માર્યા ગયા. એ પછીના વર્ષે ૨૦ સપ્ટેમ્બર ૨૦૦૮ના માલેગાંવ મસ્જિદ પાસેના બૉમ્બ વિસ્ફોટમાં છ લોકો માર્યા ગયા હતા. એવો જ ઘટનાક્રમ અજમેરમાં દરગાહ શરીફમાં થયેલા વિસ્ફોટ અને હૈદરાબાદની મક્કા મસ્જિદના વિસ્ફોટ કાંડમાં જોવા મળ્યો. કૉંગ્રેસના વડપણવાળી સંયુક્ત પ્રગતિશીલ સંગઠન (યુપીએ)ની ડૉ. મનમોહન સિંહની સરકારના સમયમાં થયેલી આ આતંકવાદી ઘટનાઓની તપાસ ત્રાસવાદ વિરોધી પોલીસ દળ ઉપરાંત રાષ્ટ્રીય તપાસ એજન્સી (ઍનઆઈએ) થકી કરવામાં આવી હતી. વિસ્તૃત તપાસને અંતે દસ જણાની ધરપકડ કરવામાં આવી હતી. સંયોગવસાત્ એ દસેય જણ હિંદુ હતા. કેન્દ્રીય ગૃહ પ્રધાન તરીકે એ વેળા કાર્યરત એવા મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યપ્રધાન સુશીલકુમાર શિંદેએ આ આતંકી કૃત્યોને 'ભગવો આંતકવાદ' (સૅફ્રન ટૅરરિઝમ) કહેવાનું પસંદ કર્યું. એટલે ભારતીય જનતા પક્ષના નેતાઓએ ભારે ઉહાપોહ મચાવ્યો હતો. આતંકવાદ આતંકવાદ છે, એને ભગવો કે લીલો કે પછી લાલ જેવા રંગે રંગવાનું યોગ્ય ના લેખાય એવી તેમની દલીલ યોગ્ય જ હતી.

મહારાષ્ટ્રના ટોચના દલિત નેતા શિંદેથી કાચું કપાયું હતું એટલે કૉંગ્રેસના પ્રવક્તા જનાર્દન દ્વિવેદીએ એ વેળા ગૃહ પ્રધાન શિંદેની 'ભગવા' કે 'હિંદુ' આતંકવાદની ભાષા કે શબ્દપ્રયોગ સાથે કૉંગ્રેસ સહમત નહીં હોવાનું જાહેર કરીને નુકસાની ભરપાઈ કરવાની કોશિશ કરી. જોકે બૂંદ સે ગઈ હૌજ સે ભરને કી કોશિશ જેવા આ પ્રયાસથી કૉંગ્રેસને થયેલા નુકસાનને ખાળી શકાય એવું નહોતું. જે દસ જણાની ધરપકડ કરાઈ હતી, તેમાં ગુજરાતના ડાંગમાં વનવાસી કલ્યાણ આશ્રમના સૂત્રધાર સ્વામી અસીમાનંદ, મધ્ય પ્રદેશમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનાં અગ્રણી રહેલાં સાધ્વી પ્રજ્ઞા ઠાકુર ઉપરાંત ભારતીય લશ્કરમાં ગુપ્તચર શાખામાં કાર્યરત એવા લૅફ્ટનન્ટ કર્નલ શ્રીકાંત પુરોહિત સહિતનાનો સમાવેશ હતો. આ બૉમ્બ વિસ્ફોટોમાં સંઘના વરિષ્ઠ પ્રચારક ઈન્દ્રેશ કુમારનું પણ નામ આવ્યું હતું, પરંતુ એમના સુધી ઍનઆઈએની તપાસનું પગેરું પહોંચ્યું નહોતું એટલે એમની ધરપકડ થઈ નહોતી.

કેન્દ્રમાં કૉંગ્રેસના વડપણવાળી સરકાર હતી. મહારાષ્ટ્રમાં પણ એ વેળા કૉંગ્રેસની સરકાર હતી. વિસ્ફોટો શ્રેણીબદ્ધ થયા હતા અને માર્યા ગયેલા લોકો મુસ્લિમ હતા તથા દેશવ્યાપી આતંકી ઘટનાઓને ધ્યાને લઈને ભારત સરકારની નવરચિત નેશનલ ઈન્વેસ્ટિગેટિંગ એજન્સી (ઍનઆઈએ)ને એ તમામ ખટલાઓની તપાસ સુપરત કરાઈ. યુદ્ધના ધોરણે કાર્યવાહી આદરવામાં આવી.

કેન્દ્રના ગૃહસચિવ આર. કે. સિંહે ૨૨ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ પત્રકાર પરિષદ ભરીને ઘોષણા કરીઃ 'ઉપરોક્ત તમામ આતંકી ઘટનાઓ સંદર્ભે અમને ૧૦ જણાંની સંડોવણીના નક્કર પુરાવા મળ્યા છે. તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરઍસઍસ) સાથે સંકળાયેલા છે.' મૂળ બિહારના તેજતર્રાર આઈપીએસ અધિકારી સિંહ પાસે સંઘના દસ જણાની વિરુદ્ધ પૂરતા પુરાવા હોવાનો દાવો તેમણે કર્યો હતો. બીજે વર્ષે દિલ્હીમાં કૉંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ સરકારને સ્થાને ભાજપના વડપણવાળી રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચા (ઍનડીએ)ની સરકાર આરુઢ થઈ. નરેન્દ્ર મોદી વડા પ્રધાન બન્યા. લોકસભાના ચૂંટાયેલા સાંસદોની ભાજપીસેનામાં પેલા આર. કે. સિંહ પણ હતા ! ગૃહસચિવ તરીકે નિવૃત્ત થતાંની સાથે જ બિહારમાં અન્ય પક્ષોની ટિકિટોની ઑફર હોવા છતાં સિંહને ભાજપમાં જોડાઈને લોકસભાની ચૂંટણી લડવાનું વધુ માફક આવ્યું. એ જુદી વાત છે કે બિહાર ભાજપમાં એ પાછા અસંતુષ્ટોમાં જ ગણાય છે.

ડાંગમાં શબરીકુંભના નામે વધુ ચર્ચામાં આવેલા મૂળ બંગાળી એવા સ્વામી અસીમાનંદે અંબાલાની જેલમાં 'કૅરેવાન' નામના પ્રતિષ્ઠિત સામયિકની સંવાદદાતા લીના ગીતા રઘુનાથને ૨૦૧૨ અને ૨૦૧૪ દરમિયાન ચાર વાર ટૅપ રૅકોર્ડેડ ઈન્ટરવ્યૂ આપ્યા. 'બૉમ્બ કા બદલા બૉમ્બ'ની ભૂમિકામાં વિશ્વાસ ધરાવતા અસીમાનંદ સમગ્ર કાવતરામાં સંઘના વડા ડૉ. મોહન ભાગવત અને ઈન્દ્રેશ કુમારને કાવતરાબાજ ગણાવે છે. મુખ્યપ્રધાનો કેશુભાઈ પટેલ, નરેન્દ્ર મોદી સહિતના ભાજપી નેતાઓથી લઈને સંઘ-ભાજપના હોદ્દેદારો સાથેના ઘરોબાની વાત કરવા ઉપરાંત કથાકાર મોરારિબાપુ સાથેના અંતરંગ સંબંધની વાત પણ એ કરે છે. જોકે, પાછળથી આ ઈન્ટરવ્યૂ પોતે આપ્યો જ નહીં હોવાનું એમણે જણાવ્યું હતું. અગાઉ તમામ વિસ્ફોટોના કાવતરામાં પોતાની સંડોવણીને કબૂલનાર સ્વામીએ પાછળથી ફેરવી તોળ્યું હતું. છ વર્ષ પછી સ્વામી અસીમાનંદને અદાલત તરફથી માર્ચ ૨૦૧૭માં જામીન મળ્યા અને જેલમુક્તિ મળી. એવું જ કાંઈક સાધ્વી પ્રજ્ઞા ઠાકુરનું થયું. સાધ્વીને જેલવાસ દરમિયાન કૅન્સર થયા છતાં છેક આઠ વર્ષે અદાલતે એને જેલમુક્તિ માટે એપ્રિલ ૨૦૧૭માં જામીન આપ્યા. એવું જ ઑગસ્ટ ૨૦૧૭માં કર્નલ પુરોહિતનું થયું. કર્નલ

**અનુસંધાન પાના નં. ૭ પર**